# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૫/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ઈઝ ઓફ બિઝનેસ ડેવલપમેન્ટના સેમિનાર અંતર્ગત વેપારમાં સરળતાથી ભવિષ્ય બનાવવા માટે ચેમ્બરમાં એક વિશેષ જાણકારી અભિયાન યોજાયું.

---

## સાઉથ કોરિયાથી ઘણુ શીખવા જેવું – હેતલ મહેતા

જિલ્લા ઉદ્યોગ અને ચેમ્બરના સંયુકત ઉપક્રમે સુરતના વિદ્યાર્થી તેમજ ધંધા–રોજગારમાં રસ ધરાવતા મિત્રોને વિસ્તૃત જાણકારી આપવા માટે એક ખૂબ જ રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાણકારી અભિયાનમાં વિશેષતઃ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને જુદી જુદી કોલેજોમાંથી નિષ્ણાંત મિત્રો પણ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સર્વે આમંત્રિતોને આવકાર્યા હતા અને સુરતની અર્થવ્યવસ્થામાં નવા નવા વેપારમાં ઝંપલાવી એક વિશેષ યોગદાન આપવા માટે અભિનંદન આપ્યા હતા. તેમણે આ વિષય પર ચાલતી સમગ્ર ગેરસમજણો અને અધૂરી સમજણોને દૂર કરવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી તેમજ સ્ટાફને તેમની આ પ્રેરક પહેલ માટે અભિનંદન આપ્યા હતા અને જણાવ્યું હતું કે આવનાર સમયગાળામાં માત્ર નોકરીઓ શોધવા માટે પોતાનો વ્યવસાયનો વિચાર હવે યુવા પેઢી ભૂલી જશે અને વેપાર અને ઉદ્યોગમાં પોતાનું યોગદાન આપી પોતાની સાથે બીજા લોકોને પણ તેમાં રોજગાર મળે તેવી વ્યવસ્થા ઉભી કરશે.

તેમણે તાજેતરમાં સાઉથ કોરિયા સરકારના આમંત્રણને અનુલક્ષીને કોટ્રા સાથે એક પ્રતિનિધિ મંડળ જોડે સાઉથ કોરિયાની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે અનેકવિધ સંસ્થાઓ તેમજ સરકારી અમલદારોને મળ્યા હતા. કોટ્રાની હેડ ઓફિસ સિયોલમાં તેમણે ઈઝ ઓફ બિઝનેસની ચર્ચા કરતા જાણ્યું હતું કે સાઉથ કોરિયામાં જયારે કોઈ વ્યકિત વેપાર ઉદ્યોગ સ્થાપવાની અરજી કરે તો બે દિવસની અંદર પાંચ વિભાગના અફસરો તેની મુલાકાત લે. તેમાં ફાયનાન્સ, ટેકનોલોજી, રેવન્યુ, બેંકિંગ વગેરેનો સમાવેશ થતો. આ સર્વે અમલદારશ્રીઓ અરજી કરનારને તમામા ફોર્માલીટી પૂરી કરી આપે અને માત્ર પાંચ દિવસમાં તેને વ્યવસાય સ્થાપવાની મંજૂરી મળી જાય. સાતમા દિવસે તો તેનો વ્યવસાય / ઉદ્યોગ શરૂ થઈ જાય.

આટલી સગવડ હોવા છતાં સાઉથ કોરિયા પોતાના ઉત્પાદનોનું બજાર મેળવી શકતું નથી. કારણ કે તેની પાસે સંપૂર્ણ ટેકનિક હોવા છતાં ઉપલબ્ધ માનવ સંસાધન નથી અને તેથી વિદેશમાં તે જોઈએ તેવા પ્રમાણમાં બજારો મેળવી શકતું નથી. જયારે આપણા દેશમાં બધુ જ ઉપલબ્ધ છે પણ તકનીકી જ્ઞાન નથી અને આંતરમાળખાકીય સુવિધાઓનો અભાવ છે. વિશેષતઃ જાણકારીના અભાવમાં જોઈએ તેવા પરિણામો મળતા નથી. તેમણે જણાવ્યું હતું કે ઈઝ ઓફ બિઝનેસમાં જો સરકારને વિશેષ જોઈતા પરિણામો મેળવવા હોય તો અરજદારોને માહિતી તેમજ સમયસર સહાય આપી તકનીકી જ્ઞાન આપવું જરૂરી છે. અને તે અંગે સરકાર કટિબધ્ધ છે તેથી આવા સેમિનારો ધ્વારા યોગ્ય પરિણામો મળશે તેવી મને ખાતરી છે.

ત્યારબાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી ગંગોલે સમગ્ર સેમિનારના આવેલ વિદ્યાર્થી અને વ્યવસાયીઓને જાણકારી મેળવવા માટે ઉપસ્થિત સર્વે આમંત્રિતોને આવકાર્યા હતા અને સરકાર ધ્વારા આપવામાં આવતી સમગ્ર મદદની જાણકારી આપી હતી. જેમાં વ્યવસાયલક્ષી સ્કીમોનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના જોઈન્ટ કમિશ્નર શ્રી આર. આઈ. ચાવડાએ વિશેષ જાણકારી આપતા જણાવ્યું હતું કે ઈન્વેસ્ટર ફેલિસિટેશન પોર્ટલ માં લગભગ ૧૮ થી ૧૯ સરકારના જુદા જુદા ખાતાઓને આવરી લેવામાં આવેલા છે અને તેના પોર્ટલમાં ઓનલાઈન કરવા માટે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ અંગે વધુ વિગત આપતા ટી.સી.એસ.ના શ્રી ઈલેશભાઈએ જણાવ્યું હતું કે આઈ.એફ.પી. પોર્ટલને વધુમાં વધુ ઉપયોગ અને ઉદ્યોગકારોને સચોટ માહિતી મળી રહે અને તેમાં જોગવાઈ કરવામાં આવી છે કે એક વખત ડોકયુમેન્ટ અપલોડ કર્યા પછી અલગ–અલગ ડિપાર્ટમેન્ટમાં અરજી કરવાની હોય ત્યારે વારંવાર ડોકયુમેન્ટ અપલોડ કરવાની જરૂર રહેતી નથી. તે પોર્ટલ પર એક લોકરની વ્યવસ્થા પણ આપવામાં આવી છે.

લાઈવ ડેમો આપતા તેમણે સમગ્ર ઉદ્યોગકારોને તેનો કેવીરીતે ઉપયોગ કરવો તેની સમજ પણ આપી હતી. આ અંગેની માહિતી સરકારના લગભગ બધા જ યુવાનોને સંપૂર્ણ આપવામાં આવેલ છે તેવું પણ તેમણે જણાવેલ હતું.

આ સમગ્ર જાણકારી બાદ સભામાં ઉપસ્થિત તમામ આમંત્રિતોએ ખૂબ જ નીતિ વિષયક અને હેતુલક્ષી પ્રશ્નો પુછયા હતા જેની વિસ્તૃત જાણકારી નિષ્ણાંતોએ આપેલ હતી.

સભાના અંતમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી ગંગોલે ખૂબ જ માહિતીસભર વિગતો સાથે વધુ જાણકારી માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સુરત ખાતેના કાર્યાલયમાં જરૂર પડે ત્યારે મળી માહિતી મેળવી પોતાના નવા વ્યવસાયોમાં નવા વેપાર–ઉદ્યોગને શરૂ કરવા ફરી વાર આમંત્રણ આપ્યું હતું.